R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાંન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૯
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઇટ :http://jagadishchristian.com   email:garvinavkranti @ yahoo.com

YEAR-26 • ISSUE: 38 DATE: 23-09-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## યુનોની મહાસભાને પ્રથમવાર સંબોધન કરતાં અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ઉ.કોરિયાનો સર્વનાશ કરવાની ધમકી આપી



અમેરિકાના પ્રમુખ તરીકે ચુંટાયા બાદ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સૌ પ્રથમવાર સંબોધન કરતાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યુ હતું કે વિશ્વ નિષ્ફળ ગયેલાં દેશો, આતંકવાદીઓ અને કટ્ટરવાદીઓ તરફથી મળતી વિનાશકારી ધમકીઓનો સામનો કરી રહ્યું છે.આતંકવાદીઓ શક્તિશાળી બનીને પૃથ્વીના દરેક ખુણામાં ફેલાઈ ગયાં છે.નિષ્ફળ દેશો ન કેવળ આતંકવાદીઓને સમર્થન આપી રહ્યા છે. પરંતુ માનવતાવાદીઓને સમર્થન આપી રહ્યા છે.પરંતુ માનવતાનો સંપુર્ણ વિનાશ કરે તેવા સૌથી વિનાશકારી શસ્ત્રો સાથે અન્ય દેશો માટે ધમકીરુપ બની ગયાં છે.અમે કટ્ટર ઈસ્લામીક આંતકવાદને અટકાવીશું કારણ કે અમે તેને અમેરિકા અથવા વિશ્વને નુકશાન કરાની કરવાની પરવાનગી આપી શકતાં નથી.અલકાયદા અને હિઝબુલ્લા જેવા આતંકી સંગઠનોને સમર્થન આપતાં દેશોને ઉઘાડા પાડવાનો સમય આવી ગયો છે.અમેરિકા તથા સાથી દેશો માટે ધમકીરુપ બની રહેલાં ઉત્તર કોરિયાને પરમાણું કાર્યક્રમ બંધ કરાવવા માટે દબાણ કરવા સભ્ય દેશોને અમેરિકી પ્રમુખે અપીલ કરી હતી. ઉત્તર કોરિયાના શાશક કિમ જોગ ઊનની રોકેટ મેન તરીકે મજાક કરતાં ચેતવણી ીપી હતી કે પ્યોગયાંગ પરમાણું ધમકીઓ ઉચ્ચારવાનું બંધ નહીં કરે તો અમેરિકાને ઉત્તર કોરીયાનો સંપુર્ણ વિનાશ કરવાની ફરજ પડશે.જો ઉત્તર કોરીયા તેના પરમાણુ કાર્યક્રમ બંધ નહીં કરે તો તેના સંપુર્ણ વિનાશ સિવાય અમારી પાસે બીજો કોઈ વિકલ્પ બાકી નહીં રહે.રોકેટ મેન તેમના પોતાના અને પોતાના દેશના સુસાઈડ મિશન પર નિકળ્યા છે.યુનોના સભ્ય દેશોએ કિમ જોગ ઉન સરકારને એકલી પાડી દેવી જોઈએ.

ઈરાન પર આકરા પ્રહારો કરતાં ટ્રમ્પે જણાવ્યુ હતું કે ઈરાન આર્થિક રીતે નિષ્ફળ ગયેલો હિંસાની નિકાસ કરતો દેશ છે.બરાક ઓબામા દ્વારા ૨૦૧૫માં ઈરાન સાથે કરાયેલી પરમાણું સંધિ શરમજનક હતી હું આ સંધિને પરવાનગી આપતો નથી.

## નોટબંધી અને જીએસટી દેશના અર્થતંત્રને વિપરિત અસર કરશે.જીએસટી લઘુ ઉદ્યોગોની કમર તોડી નાંખશે : પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ



દેશના પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આર્થિક બાબતોને લઈને હાલની સરકારની આકરી ટીકા કરી હતી.તેમણે ચેતવણીના સુરમાં જણાવ્યુ હતું કે દેશનો જીડીપી ઝડપથી નીચે જઈ રહ્યો છે. નોટબંધી અને જીએસટીના અમલમાં થયેલી ઉતાવળને કારણે આર્થિક બાબતો ઉપર સખત નકારાત્મક અસર પડી છે.તેને કારણે જ દેશના જીડીપીમાં ઘટાડો થાય તેવી શક્યતા છે. તાજેતરમાં એક ખાનગી ચેનલને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યુ હતું કે નોટબંધી અને જીએસટીના અમલથી દેશના અથતંત્ર પર ખરાબ અસરો પડી છે.જીએસટીના મામલે ખુબ જ ઉતાવળ થઈ છે.હવે આપણી સામે ઘણી સમસ્યાઓ આપી રહી છે.

ચાલુ નાણાંકીય વર્ષના જુનના પુરા થયેલા ક્વાટરમાં દેશના જીડીપીમાં ઘટાડો નોધાયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ના ચોથા ક્વાટરમાં જીડીપી ૬.૧ હતો જે આ વર્ષે ઘટીને ૫.૭ થઈ ગયો છે.ગત વર્ષે જ આ જ ત્રિમાસિક ગાળામાં જીડીપીનો દર ૭.૯ ટકા હતો. ઉલ્લેખનીય છે કે પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે નોટબંધી બાદ સંસદમાં જ જણાવ્યુ હતું કે આ એક એતિહાસિક આપત્તિ છે અને કાનુની લુંટ છે.

નોટબંધીના ૧૦ મહિના બાદ ફરી એક વખત મનમોહનસિહે જીએસટીના ભવિષ્ય અંગે જણાવ્યુ હતું કે જીએસટીનો અવિચારી અમલ અનોપચારિક ઉદ્યોગો અને લઘુ ઉદ્યોગોની કમર તોડી નાંખશે.આ ક્ષેત્રમાં દર વર્ષે ૯૦ ટકા રોજગારીનું સર્જન થયું હોય છે. નોટબંધી અને જીએસટીની અસર લઘુ ઉદ્યોગો ઉપર હતી. હવે તેમાં વધારો થશે. આ બંનેના કારણે જીડીપીને વધારે અસર થશે.

## મહારાષ્ટ્રમાં ભાજપા-શિવસેના યુતિ ભંગાણને માર્ગે !: ગઠબંધન તોડવા શિવસેનાની બેઠક મળી



મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટી અને શિવસેનાના ગઠબંધનથી સરકાર ચાલી રહી છે.જો છેલ્લા કેટલાક સમયથી શિવસેના તરફથી ભાજપાની આકરી ટીકાઓ કરવામાં આવી રહી છે.તેથી હવે ભાજપ અને શિવસેનાનું ગઠબંધન તુટે તેવી શકયતાઓનું નિર્માણ થયું છે.તાજેતરમાં શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે પક્ષના ધારાસભ્યો અને સાંસદોની બેઠક બોલાવી હતી.શિવસેનાના નેતા સંજય રાઉતે જણાવ્યુ હતું કે ભાજપ સાથે ગઠબંધન તોડવા અંગે બેઠક મળી હતી.અને તમામ નેતાઓ અને કાર્યકર્તાઓએ આ નિર્ણય ઉદ્દવ ઠાકરે પર છોડ્યો હતો.તેઓ જે નિર્ણય કરશે તેને બધા સમર્થન આપશે.

રાઉતે વધુમાં જણાવ્યુ હતું કે ભાજપ સાથેના ગઠબંધન મુદ્દે હવે શિવસેના નિર્ણય લેવાના આરે આવી ગઈ છે.વધતી જતી મોંઘવારી અને સળગતા પ્રશ્નોના મુદ્દે શિવસેના હ વે જનતાની વહારે છે. લોકો ત્રાહીમામ પોકારી રહ્યા છે.અને સરકાર ટસની મસ થતી નથી.આ સંજોગોમાં શિવસેના આકરા નિર્ણય લેવા વિચારી રહી છે.

પેટ્રોલ અને ડીઝલ અંગે કેન્દ્રીય મંત્રી આલ્ફોન્સ દ્વારા જે નિવેદન આપવામાં આવ્યું હતું તેને પણ શિવસેનાએ વખોડ્યું હતું.શિવસેનાએ જણાવ્યુ કે મોદીના નવરત્નોમાં સ્થાન પામનારા આ મંત્રીએ સામાન્ય લોકોનું અપમાન કર્યું છે.પેટ્રોલ-ડીઝલ પુરાવનારા ગરીબ નથી તેવુ કહેનારા આ નમુનાને પોતાના ખિસ્સામાંથી પેટ્રોલ- ડીઝલ ભરાવવા પડતા નથી.તેથી આવી વાતો કરે છે.સામાન્ય માણસને પડતા ઉપર પાટુ મારવા જેવી વાતો કરાઈ રહી છે.ભાજપ રાજમાં દરરોજ અચ્છે દિનની હત્યા કરવામાં આવી રહી છે તેવું દેખાઈ રહ્યું છે.

## નોટબંધીની નિષ્ફળતા ઢાંકવા સરકાર કેટલા સ્ટંટ કરશે : શિવસેના

શિવસેનાના પ્રમુખ ઉદ્દવ ઠાકરેએ ફરી એકવાર નોટબંધીના નિર્ણયને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપ સરકાર પર નિશાન તાક્યું હતું. નોટબંધીની નિષ્ફળતા છુપાવવા સરકાર હજુ કેટલાં ગતકડાં કરશે ? સરકારી મંડળી નોટબંધી કેટલી સફળ થઈ એ ઠસાવવા પ્રયાસ કાયમ કરતી રહે છે. જ્યારે કે ખુદ રિઝર્વ બેન્કના રિપોર્ટમાં એવો ખુલાસો કર્યો છે કે નોટબંધી સફળ થઈ નથી.નોટબંધીને લીધે કાળા નાંણા અને નકલી નોટોનું રેકેટ ડામી શકાશે્ ને આતંકવાદ અને નકસલવાદની કમર ભાંગી જશે એવા બણગાં ફુકાયા હતા. જ્યારે હકીકતમાં સામાન્ય માનવીની હાડમારી થવા સિવાય કોઈ ઉપલબ્ધિ થઈ નથી. રદ થયેલી ૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટમાંથી ૯૯ ટકા ચલણ રિઝર્વ બેન્કમાં જમા થઈ ગયું છે.અને હજુ સુધી સરકારે કેટલી નોટો પરત ફરી તે જાહેર જનતાને જણાવ્યુ નથી.કે કુલ કેટલી રકમ જમાં થઈ તેનો હિસાબ દેખાડ્યો નથી.

## સમય સમય બલવાન, કાબે અર્જુન લુટીઓ વોહી ધનુષ વોહી બાણ

પોતાના અનુયાયીઓને રુ.૫૦૦૦માં એક રીંગણ વેચનારા બાબા રામ રહીમ આજકાલ જેલમાં બિનકુશળ કામદાર તરીકે કામ કરી રહ્યા છે.અને જેલમાં શાકભાજી ઉગાડવાનું કામ કરી રહ્યા છે.જેલમાં તેમને રોજના રુ.૨૦ મજદુરી પેટે મળશે.તે જેલમાં જે રીંગણ ઉત્પાદન કરશે તે જેલમાં કેદીઓના ભોજનમાં વપરાશે.જો કે તેમની હનીપ્રિતની શોધખોળ પોલીસ કરી રહી છે. નેપાળના તેમના છુપાવાના ઠેકાણા પર પોલીસ ઘુમી રહી છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

દેશમાં કાયદાની અનદેખી કરવી એ એક પ્રકારની ફેશન બની ગઇ છે.કોર્ટો આદેશો આપે છતાં તેનું પાલન કરવું,કરાવવુ એ દિશામાં કોઇ વિચારતું નથી.શહેરોમાં પોલીસ ઉભી રહેતી હોય અને ટ્રાફિક કાયદાઓનું ઉલ્લંઘન કરનારા અનેક લોકો ટ્રાફિક શિસ્ત તોડી ભાગતા હોય છે અને પછી જો પકડાય તો પોલીસ સાથે ગેરવર્તણુંક અને મારામારી જેવા પ્રસંગો ઉભા થતા હોય છે.

કેન્દ્ર અને રાજ્યોના પરિવહન અને માર્ગ વિભાગોને સુપ્રિમ કોર્ટે તાજેતરમાં બહાર પાડેલ આદેશ મુજબ એક મહિનામાં ભારે ઘોઘાંટવાળા હોર્ન વાહનો પરથી દુર કરવાનો આદેશ છે. જો કે આ આદેશનુ કેટલી હદે પાલન થાય છે તે જોવાનું રહ્યું.સર્વોચ્ચ અદાલતે વાહનોમાંતી મોટા અને ખતરનાક અવાજવાળા મલ્ટી ટોનેડ તેમજ લાઉડ સ્પીકરવાળા હોર્ન એક મહિનામાં કઢાવી લેવા આદેશ આપ્યો છે.જેના ભાગરુપ શરુઆતમાં સ્ટેટ ટ્રાફિક બ્રાંચ અને આર.ટી.ઓ કામે લાગી ગયા છે. પરંતુ આ શરુઆતમાં કામગીરી કરતાં આ લોકો દેખાય છે પછી તેઓ જ આ મામલે નિસ્તેજ થઇ જશે.

દેશમાં હવાની સાથે અવાજનું પ્રદુષણ પણ માથાના દુઃખાવા સમાન બન્યું છે.આ ઉપરાંત હાઇવે પર દોડતી લકઝરી બસોના હોર્ન પર કાન ફાડી નાંખે તેવા હોય છે.શહેરોમાં કેટલાક મોટરસાઇકલો ના સાઇલંરસરમાં એવી ગોઠવણ કરવામાં આવે છે કે તે કાન ફાડી નાંખે તેવા અવાજો કરતા રહે છે.નવયુવાનોને આવા અવાજનું પ્રદુષણ ફેલાવતાં વાહનો ચલાવવામાં ભારે રસ પડે છે.એજ રીતે અવાજનુ પ્રદુષણ ફેલાવતાં ફટાકડાંઓ રાત્રિના સમયે પાબંદી હોવા છતાં ફોડાતા હોય છે અને કાયદાનો ભંગ કર્યાનો આનંદ લોકો માણે છે.વરઘોડાઓમાં કે વાર તહેવારોમાં મોટા અવાજો કરતા લાઉડસ્પીકરો વગાડાતા હોય છે.છતાં આ દુરપયોગ સામે કોઇ કાનુની હસ્તક્ષેપ કરવામાં આવતો નથી.કાયદાઓ બનાવવાથી કે કોર્ટના આદેશોથી દેશની અમુક કાયદાભંગમાં આનંદ મેળવતી પ્રજાને નાથવા સખ્ત સજાની જોગવાઇ સાથે પોલીસે કડક હાથે કામ લેવું પડે, અન્યથા આ બધું માત્ર કાગળો અને આદેશો જ રહેશે.

## દાઉદના મામલે મનસેના ચીફ રાજ ઠાકરે વડાપ્રધાને નિશાના બનાવ્યા

પોતાના ચર્ચાસ્પદ નિવેદનો માટે જાણીતા મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ ફેસબુક પર પોતાની શરુઆત કરી હતી.ફેસબુક પેજ લોન્ચીંગ વખતે પ્રભાદેવીના રવિન્દ્ર નાટ્યમંદિરમાં કરેલા ભાષણમાં રાજ ઠાકરેએ વડાપ્રધાન મોદીને નિશાન બનાવ્યા હતા.રાજ ઠાકરેએ આક્ષેપ કરતાં કહ્યુ હતું કે દાઉદ ઇબ્રાહીમ જાતે ભારત પાછો આવવા માંગે છે. પણ મોદી સરકાર એવુ જતાવવા માંગે છે કે તેઓ તેને પકડી લાવ્યા છે. એમ કહી તે અને તેમની સરકાર શ્રેય ખાટવા માંગે છે.રાજઠાકરેએ કહ્યુ હતું કે દાઉદ અપંગ થઇ ગયો છે અને તેની ઇચ્છા છે કે માતૃભુમિમાં અંતિમ શ્વાસ લે. એ માટે એ કેન્દ્ર સરકાર સાથે સેટલમેન્ટ કરવાની તૈયારી કરી રહ્યો છે.જેનું શ્રેય મોદી લેવા માંગે છે.ભાજપના અમુક લોકો સતત દાઉદના સંપર્કમાં છે.

મુંબઇ -અમદાવાદ વચ્ચે જ બુલેટ ટ્રેન કેમ ? શું મુંબઇને દેશના અન્ય શહેરોથી જોડવાના વિકલ્પ નહોતા ? ગુજરાત જ કેમ ?મુંબઇ અમારી હતી છે અને રહેશે.અમારી સામે જો આંગળી ચીંધી તો આખા રાજ્યમાં રમખાણો ફાટી નીકળશે. દેશમાં ખેડુતો આત્મહત્યા કરી રહ્યા છે ત્યારે લાખ કરોડનો બુલેટ ટ્રેનનો આ પ્રોજેક્ટ શુ કામ અને કોના માટે કરાઇ રહ્યો છે ?જાપાનના વડા પ્રધાનને દિલ્હીમાં મળવાનું છોડી અમદાવાદમાં કેમ મળવાનું આયોજન કરાયું.જાપાનના વડાપ્રધાનનો ઉપયોગ ગુજરાતમાં પ્રચાર માટે થઇ રહ્યો છે.રાજ ઠાકરેએ કહ્યુ કે તેઓ તેમના કાર્ટુન્સ,કામ,મત,તેમના મંતવ્યો અને લોક સાથે સંવાદ જોડવા ફેસબુક એકાઉન્ટનો ઉપયોગ કરશે.રાજ ઠાકરેએ આ બાબતે કહ્યુ હતું કે ખરુ જોતાં હું છાપા,સાપ્તાહિક, મેગેઝીનમાં રસ લેતો હોઉ છું. ફેસબુકના નવા માધ્યમ વિશે હું જાણતો હતો. પણ અત્યાર સુધી હું એ માટે જઇ નહોતો રહ્યો. મારે છાપુ કે પછી મેગેઝીન કાઢવાનો વિચાર હતો. પણ એ ચલાવવું બહુ અઘરું છે.એથી સોશ્યલ મીડીયા પર આવવાનો વિચાર કર્યો અને એથી આજે ફેસબુક લોંચ કરી રહ્યો છું.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## પબ્લીક સેકટર અંડરટેકીંગની બેન્કોના વિલિનિકરણની સરકારની યોજના સામે ભુતપુર્વ ગર્વનર રઘુરામ રાજનની ટીકા

એનડીએ સરકારના કેટલાક નિર્ણયોની આકરી ટીકા કરનાર ભારતીય રિઝર્વ બેન્કના ભુતપુર્વ ગર્વનર રઘુરામ રાજને પીએસયુ બેન્કોના મર્જરની યોજના સામે પ્રશ્ન કર્યો છે.રાજને ભારપુર્વક કહ્યુ હતું કે પીએસયુ બેન્કોના કોન્સોલિડેશનની જરુર નથી.સરકારના મનમાં એ સ્પષ્ટ હોવું જોઇએ કે આ પગલાંથી હેતુ સરશે કે નહીં. ઇકોનીક ટાઉમ્સ સાથેની મુલાકાતમાં રાજને જણાવ્યુ હતું કે બેન્કોના મર્જર જટિલ પ્રક્રિયા છે.કોન્સોલીડેશનની પ્રક્રીયા માટે બેન્કોના સીઇઓના સઘન પ્રયાસો અને પુષ્કળ સમય જરુરી છે. તેમાં આઇટી સિસ્ટમ અને સંસ્કૃતિનું પણ મર્જર કરવું પડે.તેમણે વધુમાં જણાવ્યુ હતું કે બેન્કો પહેલેથી જ નબળી હોવાથી મર્જર તેમની સમસ્યામાં વધારો કરશે.તમારે એ સમજાવવું પડશે કે આ પગલું કેવી રીતે મદદરુપ બનશે.

ઉલ્લેખનીય છે કે સરકાર કોન્સોલીડેશન દ્વારા પીએસયું બેન્કની સંખ્યા ૨૧થી ઘટાડીને ૧૫ની કરવા માંગે છે. જેથી મોટા કદનો લાભ મેળવી શકાય.નાણાંપ્રધાન અરુણ જેટલીએ જણાવ્યુ હતું કે મર્જરનો હેતુ મજબુત બેન્ક બનાવવાનો છે.

બેન્કોએ પણ સરકારને નબળાઇ અંગે ચિંતા દર્શાવી છે.ઇટીએ આપેલી માહીતી અનુસાર પંજાબ નેશનલ બેન્ક,કેનેરા બેન્ક અને બેન્ક ઓફ બરોડા જેવી અગ્રણી પીએસયુ બેન્કોના ટોપ મેનેજમેન્ટ નાની બેન્કો ને હસ્તગત કરવા કેટલીક શરતો મુકી છે.જેમાં તેમણે નાની બેન્કે નફો કરતી હોવાની માંગણી કરી છે.

જો કે કેટલાક બેન્કોના યુનિયનોએ પણ સરકારની આ મર્જર કરવાની નીતીઓ સામે ભારે આક્રોશ વ્યકત કરતાં દેખાવો તાજેતરમાં યોજ્યા હતા.

સરકારની નોટબંધી અંગે પણ રાજન ટીકા કરી ચુક્યા છે. તેમણે આ બાબતે કહ્યુ હતું કે નોટબંધી માટે



તેમણે સરકારને પોતાના વિચારો જણાવ્યા હતા. છતાં સરકારે જે રીતે નોટબંધી લાગુ કરી પરિણામે નોટબંધીની ખોટી વ્યાપક અસરો અર્થતંત્ર પર પડી છે.

જો કે રાજનની ટીકાઓ બાદ કરતાં હાલના ગર્વનરે પણ નોટબંધી નિષ્ફળ નીવડી હોવાના રિપોર્ટ રજુ કર્યા છે.પરંતુ સરકાર હજુ પોતના નિર્ણયનો બચાવ કરે રાખે છે.

## બોગસ કંપનીઓની નોંધણી રદ : બેન્કોના ખાતા અને ટ્રાન્ઝેકશન બંધ કરાયા

નાણાં મંત્રાલયે કંપની એકટ પ્રમાણે કામ નહીં કરનારી શેલ કંપનીઓ ઉપર તવાઇ લાવી દીધી છે.નાણાં મંત્રાલયે ૨.૯ લાખ કંપનીઓને રજીસ્ટર ઓફ કંપનીઝમાથી રદ કરી નાંખી છે.રજિસ્ટર ઓફ કંપનીઝ સાથે આવી કંપનીઓનું યોગ્ય તાલમેલ ન હોથી અને ઘણી ખામીઓ હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ શેલ કંપનીઓના બેન્ક એકાઉન્ટ પર રદ કરી દીધા છે.અને તેના તમામ ટ્રાન્ઝેકશન અટકાવી દીધા છે. કેપની એકટની ૨૪૮(૫) હેઠળ કંપનીઓ સામે દંડાત્મક પગલાં લેવામાં આવ્યા છે.

ઘણા સમયથી સરકાર દ્વારા બનાવટી કંપનીઓ ઉપર તવાઇ લાવવામાં આવી હતી.આ કંપનીઓ ખોટા નામે ટેક્સ ચોરી કરતી હોવાના પણ આરોપો છે.સરકારે અન્ય કંપનીઓને પણ સંકેત આપ્યો છે કે બેન્કોના માધ્યમથી કેટલીક સમિતિની રચના કરવામાં આવી છે જે તમામ આર્થિક વ્યવહારો પર નજર રાખશે તે ઉપરાંત વાર્ષિક સ્ટેમેન્ટ અને ફાઇનાન્સીયલ રિટર્ન ઉપર પણ વોચ રાખશે.

મીડીયામાં ફેલાયેલા સમાચારો સાબિત થયા હતા.સરાકરે બે લાખ જેટલી શેલ કંપનીઓના બેન્ક એકાઉન્ટ સ્થગિત કરી દીધા હતા. અને તેના આર્થિક વ્યવહારો અટકાવી દીધા હતા..આ કંપનીઓ કાયદા પ્રમાણે કામ કરતી નહોતી.યોગ્ય સમયે રિટર્ન પણ ફાઇલ થતું નહોતું. અને અન્ય કેટલીક ફોર્માલીટીઝ પણ પુરી કરવામાં આવતી નહોતી. આ તમામ ફરિયાદોને લક્ષમાં લઇને નાણાં મંત્રાલયે આ આકરો નિર્ણય લીધો હતો.આવી ફરિયાદોને કારણે ૨.૯૭ લાખ કંપનીઓને ખુલાસા કરવા માટે શો કોઝ નોટીસ પાઠવવામાં આવી હતી. જે કંપનીઓ દ્વારા આ નોટિસનો યોગ્ય જવાબ આપવામાં આવ્યો નથી તેમની સામે દંડાત્મક કામગીરી કરવામાં આવી છે.નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ દ્વારા આ કંપનીઓ અંગે નિર્ણય લેવામાં આવશે. તેઓ જો નિર્ણયલ લઇને આ કંપનીઓની કામગીરી બાદ એકાઉન્ટ ઓપન કરવાનું કહેશે.

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૯૮૩૧૯૮૬૯૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# પધ્મભુષણ માટે ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીના નામની બીસીસીઆઇ ભલામણ કરી

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે દેશના ત્રીજા સર્વોચ્ચ નાગરિક એવોર્ડ પધ્મભુષણ માટે મહેન્દ્રસિંહ ધોનીના નામની ભલામણ કરી છે. ક્રિકેટમાં આપેલા યોગદાન બદલ બોર્ડે ભુતપુર્વ ભારતીય સુકાનીના નામની ભલામણ કરી છે.બોર્ડના એક અધિકારીએ જણાવ્યુ હતું કે બીસીસીઆઈએ આ વર્ષે પધ્મભુષણ્ માટે ફકત એક જ નામની ભલામણ કરી છે. આ માટે સર્વાનુંમતે ભારતના સૌથી સફળ સુકાનીનું નામ પસંદ કરવામાં આવ્યું હતું. બોર્ડ દ્વારા પધ્મભુષણ માટે ધોનીના નામની ભલામણ કરવામાં આવી છે. સભ્યોએ સર્વાનુંમતે ધોનીની પસંદગી કરી છે. વર્તમાન ક્રિકેટમાં ધોની મહાન ખેલાડીઓમાં સામેલ છે.અને બોર્ડ દ્વારા તેના નામની ભલામણ એકદમ યોગ્ય છે.તેમ બોર્ડના કાર્યકરી પ્રમુખ સી.કે ખન્નાએ જણાવ્યુ હતું.

ધોની બે વર્લ્ડ કપ વિજેતા એકમાત્ર ભારતીય સુકાની છે.તેણે સૌ પ્રથમ ૨૦૦૭માં ભારતની ટી૨૦ વર્લ્ડ કપ જીતાડ્યો હતો.જ્યારે ૨૦૧૧માં વન-ડે વર્લ્ડ કપમાં ભારતને ચેમ્પીયન બનાવ્યુ હતું.ખન્નાએ જણાવ્યુ હતું કે ધોની દેશ માટે ૯૦ ટેસ્ટ રમ્યો છે. અને વન-ડેમાં ૧૦,૦૦૦રન નોધાવવાની નજીકમાં છે. તેથા આ એવોર્ડ માટે તેનાથી મોટું કોઈ નામ નથી. ૩૬ વર્ષીય ધોનીએ ૩૦૨ વનડેમાં ૯૭૩૭ રન નોધાવ્યા છે.જ્યારે ૯૦ ટેસ્ટમાં ૪૮૭૬ રન તેના નામે છે.આ ઉપરાંત તે ૭૮ ટી ૨૦ મેચ રમ્યો છે.જેમાં તેણે ૧૨૧૨ રન નોધાવ્યા છે.ધોનીએ ટેસ્ટમાં ૭ અને વનડેમાં ૧૦ સદી ફટકારી છે.આંતરરાષ્ટ્રીય ફોરમેટમાં તે ૧૦૦ અડધી સદી નોધાવી ચુક્યો છે. વિકેટ કીપર તરીકે ધોનીએ તમામ ફોર્મેટમાં કુલ ૫૮૪ કેચ કર્યા ચે.જેમાં ટેસ્ટમાં ૨૫૬,વનડેમાં ૨૮૫ અને ટી૨૦માં ૪૩ કેચ તેના નામે છે.આ ઉપરાંત તેણે ૧૬૩ સ્ટમ્પીગ કર્યા છે.

આ પહેલા ધોનીને રાજીવ ગાંધી ખેલરત્ન અને પધ્મશ્રી દ્વારા સન્માનીત કરાયો હતો.જો તે પધ્મભુષણ એવોર્ડ મેળવશે તો તે આ સન્માન મેળવનાર ભારતનો ૧૧મો ક્રિકેટર બ નશે. અત્યાર સુધીમાં સચિન તેદુલકર,કપિલદેવ,સુનીલ ગવાસકર, રાહુલ દ્રવિડ, ચંદુ બોરડે,ડીબી દેવધર, સીકે નાયડુ અને લાલા અમરનાથ આ અવોર્ડ મેળવી ચુક્યા છે.અન્ય ઓછા જાણીતા ક્રિકેટરમાં પતિયાલાના રાજા ભાલિન્દ્રસ સિંઘ અને વિઝિના મહારાજા વિજય આનંદ આ એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

# મહિલા અનામત ખરડાને પસાર કરાવવા કોગ્રેસે એનડીએને ટેકાની ખાતરી આપી

લોકસભામાં બહુમતીનો લાભ લેવા માટે કોગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ વડાપ્રધાનને મહિલા અનામત ખરડા અંગે ટેકો આપવાની ખાતરી આપતો પત્ર લખ્યો હતો.મહિલા અનામત ખરડો પસાર કરવો જરુરી છે. તે ૨૦૧૦થી પેન્ડીંગ છે.સોનિયા ગાંધીએ કહ્યુ હતું કે મહિલા અનામત ખરડાના મુદે કોગ્રેસ હંમેશા સરકારની સાથે રહેશે.જો સરકાર ખરડો રજુ કરશે તો કોગ્રેસ તેને ટેકો આપશે.મહિલા સશક્તિકરણ માટે મહિલા અનામત ખરડો મહત્વનો છે.તેવો મત તેમણે



વ્યકત કર્યો હતો.રાજયસભાએ ૨૦૧૦માં આ ખરડો પસાર કર્યો હતો. અને લોકસભામાં પાછો મોકલ્યો હતો. આ ખરડામાં લોકસભા તેમજ વિધાનસભાની ૩૩ ટકા સીટો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ છે.પીઆરએસ લેજેસલેટીવના આંકડા મુજબ ચુંટાયેલા ૫૪૩ સાંસદોમાં ફક્ત ૬૨ મહિલાઓ છે. ૨૦૦૯માં માત્ર ૫૮ મહિલાો ચુંટાઇ હતી.

તાજેતરમાં લોકસભાના અધ્યક્ષ તરીકે સુમિત્રા મહાજન કોઈપણ વિરોધ વિના મહિલા અનામત ખરડો પસાર કરાવવા અનુરોધ કર્યો હતો.સીપીઆઈ એમના સીતારામ યેચુરીએ પણ ખરડાની તરફેણ કરતાં કહ્યુ હતું કે વડાપ્રધાને લોકસભાની ચુંટણી પહેલાં મહિલા અનામત ખરડો પસાર કરાવવાનું વચન આપ્યું હતું.હવે સરકાર તે દિશામાં કામગીરી કરવી જોઈએ.

# ત્રીપુરામાં રીપોર્ટીંગ કરી રહેલા ટીવી પત્રકારની હત્યા

પશ્ચિમ ત્રિપુરા જિલ્લામાં ઈન્ડીજીનીયસ પીપલ્સ ફ્રંટ ઓફ ત્રિપુરાના આંદોલનનું રીપોર્ટીંગ કરી રહેલા એક ટીવી પત્રકારનું અપહરણ કરી તેની હત્યા કરી દેવાઈ હતી. પોલીસ અધિક્ષક અભિજીત સપ્તર્ષિએ જણાવ્યુ હતું કે દિનરાત ન્યુઝ ચેનલના પત્રકાર શાંતનું ભોમિક મંડઈમાં આઈપીએપટીના રસ્તા રોકો અને આંદોલનનું રીપોર્ટીંગ કરી રહ્યા હતા.તે દરમિયાન તેના પર પાછળથી હુમલો કરાયો હતો અને તેનું અપહરણ કરાયું હતું.

મળતી માહીતી મુજબ ભૌમિકનો પત્તો લાગ્યો અને તેના શરીર ઉપર ચાકુના અનેક નિશાન હતા. તેને તત્કાળ અગરતલા મેડિકલ કોલેજ હોસ્પીટલમાં લઈ જવાયો હતો. જ્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.ત્યારબાદ પત્રકાર જગતમાં રોષ વ્યાપી ગયો છે.પત્રકારો દ્વારા આ મુદે ઠેર ઠેર વિરોધ કરવામાં આવી રહ્યો છે.કોઈની હિંસા કરવી એ ઉકેલ નથી. પરંતુ દેશમાં હવે કાયદો હાથમાં લઈને હિંસાથી તેનો ઉકેલ લાવવા પ્રયત્ન થાય છે.ટોળાઓ દ્વારા હત્યા કરી દેવાય તેની કોઈની પર વ્યક્તિગત ખુનકેસ દાખલ થતો નથી તેનો લાભ મળે છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# ભારત જરુર પડે ફરીથી સર્જીકલ સ્ટાઇક કરી શકે છે : પાકિસ્તાનને સેનાની ધમકી

ભારતીય સેનાના એક સિનિયર અધિકારીએ કહ્યુ છે કે સેનાએ પાકિસ્તાનને ચેતવણી આપી છે કે જો તે સંઘર્ષવિરામનો ભંગ કરતું રહેશે અને આતંકવાદીઓને રોકવા માટે પગલાં નહી લે તો ભારત ફરીથી સર્જીકલ સ્ટ્રાઈક કરી શકશે.નોર્ધન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડર ઈન ચાર્જ(જીઓસી) લેફ.જનરલ દેવરાજ અંબુએ જણાવ્યુ હતું કે પાકિસ્તાન ફરીથી એજ ભુલ કરતું રહેશે તો ભારત પાસે ફરીથી સર્જીકલ સ્ટ્રાઈક કરવા સિવાય કોઈ વિકલ્પ નહીં રહે. ઉદમપુરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં દેવરાજ અંબુએ કહ્યુ કે સર્જીકલ સ્ટ્રાઈક દ્વારા ભારતીય સેનાએ બતાવી આપ્યું છે કે તે જ્યારે ઈચ્છે ત્યારે સરહદ પાર કરવા માટે સક્ષમ છે.જરુર પડશે તો ફરી સરહદ પાર કરીશું. અને હુમલો કરીશું.તેમણે એમ પણ કહ્યુ હતું કે સરહદ પાસ કરી એક વખત અંકુશ રેખા પાસે આતંકવાદી તાલિમ શિબિરોનું પ્રમાણ વધી ગયું છે અને ૪૭૫ આતંકવાદીઓ ભારતમાં ઘુસવા તૈયાર બેઠા છે. પાકિસ્તાન સતત અને લગભગ રોજ સંઘર્ષવિરામ ભંગ કરી રહ્યુ છે.અને નિયંત્રણ રેખા પર ફાયરીંગ કરી રહ્યુ છે. અને મોર્ટાર હુમલા કરી રહ્યુ છે. તેમાં ભારતના અનેક જવાનો શહીદ થિ ગયા છે.ભારતીય જવાનો વળતા જોરદાર હુમલા પણ કરી રહ્યા છે.પરંતુ તેમ છતાં આવી ઘટના ઘટતી ન હોવાથી ભારતીય સેનાએ ચેતવણી આપી છે.

પાકિસ્તાન આતંકવાદને પોષવા માટે નાણું આપવા અને મની લોન્ડરીંગના જોખમો ધરાવતાં ટોચના ૫૦ દેશોમાં સામેલ છે.૧૪૬ દેશોની સમીક્ષા બાદ સ્વીર્ઝલેન્ડના એક જુથે આપેલા અહેવાલમાં આ વાત કહેવાઈ હતી.બઝેલ એન્ટી-મની લોન્ડરીંગ ઈન્ડેક્શમાં અફઘાનિસ્તાન,નેપાળ અને શ્રીલંકા પર વધુ જોખમ ધરાવતાં દેશોમાં સ્થાન અપાયું છે. આ યાદીમાં પાકિસ્તાન ૪૬ક્રમે છે. આ દેશોને ૦ થી લઈને ૧૦ સુધીના માર્કસ અપાયા છે. આ વર્ષે સરેરાશ જોખમ સ્કોર ૬.૧૫ની આસપાસ છે.સૌથી વધુ જોખમ ધરાવતા ૧૦ દેશોમાં ઈરાન,અફઘાનિસ્તાન,ગિનિયા-બિસાઉ,તઝાકિસ્તાન,લાઓસ,મોઝામ્બિક, માલી, અને તાન્ઝાનિયાનો સમાવેશ થાય છે.સૌથી ઓછુ જોખમ ધરાવતાં દેશોમાં ફિનલેન્ડ,લિથુઆનિયા, અને એસ્ટોનિયા છે. પાકિસ્તાન ૬.૬૪ માર્કસ સાથે જોખમી દેશોની યાદીમાં સામેલ છે.ભારત ૫.૫૮ માર્કસ સાથે ૮૮માં ક્રમે છે.આતંકવાદીઓને ફંડિગ મામલે અલગતાવાદી નેતાઓ પર એનઆઈએની કાર્યવાહી કે કારણે પથ્થરમારાની ઘટનામાં નોધપાત્ર ઘટાડો થયો છે.

# ગુજરાતની પાંચ કરોડ રુપીયાની ખેરાત સ્વીકારવા નીતિશે હાથ લંબાવ્યો

‘ કાબે અર્જુન લુટીયો વોહી ધનુષ વોહી બાણ‘. રાજકારણીઓની જમાત થુંકેલું ચાટવામાં માહિર હોય છે. એક વખત એવો હતો કે બિહારમાં આવેલ પુર સંકટમાં ગુજરાતે બિહાર સરકારને રુ પાંચ કરોડનો ચેક મોકલાવેલો જેને બિહાર ના તે વખતના મુખ્યમંત્રી જે અન્ય પક્ષમાં હતા તેમણે આ રકમ સ્વીકારવાનો નન્નો ભણ્યો હતો.તે સમયે તેઓ નરેન્દ્ર મોદીના વિરોધી હતા. હવે તેઓ નરેન્દ્ર મોદીના પક્ષમાં જોડાઈ ગયા છે તેથી હવે તેમને આ દાન સ્વીકારવામાં નાનમ નથી.એ વખતે નીતિશકુમારે આ ઘટનાને બિહારના સ્વાભિમાન સાથે જોડી હતી. અને કહ્યુ હતું કે બિહારને કોઈની ખેરાત ની જરુર નથી.પરંતુ હવે તેમણે યુ ટર્ન લઈ લીધો છે અને ખેરાત સ્વીકારી લીધી છે.ગુજરાત સરાકરના મંત્રી ભુપેન્દ્ સિંહે બિહારના તાજેતરમાં આવેલા વિનાશક પુર પછી ગુજરાત તરફથી મદદના સ્વરુપે આ ચેક અર્પણ કર્યો હતો. તેમણે સીએમ રાહત ભંડોળમાં આ ચેક જમા કરાવ્યો હતો.ચેક લેતી વેળાએ જે તસવીર સામે આવી છે તે પણ રસપ્રદ છે.જેમાં નીતિશ અને ગુજરાત સરકારના મંત્રી ઉપરાતં જેડીયુ નેતા કૈસી ત્યાગી અને બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદી પણ દેખાતા હતા.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

## બુલેટ ટ્રેનની લોનનું વ્યાજ ચુકવવા પેટ્રોલની કિમતો વધારી ? શિવસેના

પેટ્રોલ-ડિઝલના ભાવોમાં સતત વધારો થવા અંગે શિવસેનાએ ફરી એક વાર કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યો હતા.શિવસેનાએ કહ્યુ હતું કે કોગ્રેસના શાસનમાં ક્રુડ ઓઈલની કિંમત ૧૩૦ ડોલર પ્રતિ બેરલ હતી પરંતુ તેમ છતાં પેટ્રોલ અને ડીઝલની કિમત ક્યારેય ક્રમશ ૭૦ અને ૫૩ રુપીયા પ્રતિ લિટરથી વધુ રહી નહોતી.આમ છતાં વિપક્ષ રસ્તાઓ પર ઇંધણના ભાવવધારાના મુદ્દે દેખાવો કરતો હતો.પરંતુ આજે ક્રુડ ઓઈલની કિમત ૪૯.૮૯ ડોલર પ્રતિ બેરલ છે પણ આમ છતાં લોકોને ઓછી કિમતનો ફાયદો મળતો નથી.આ ઉપરાંત પેટ્રોલ ૮૦ રુપીયા અને ડીઝલ ૬૩ રુપીયા પ્રતિ લિટરના ભાવે વેચાય છે.આ લોકોને લુંટવા જેવી વાત છે. શિવસેનાએ સવાલ કર્યો હતો કે દુનિયાભરમાં ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો હોવા છતાં દેશમાં ઇંધણના ભાવ શું બુલેટ ટ્રેન પરિયોજના માટે જાપાન પાસેથી લેવાયેલી લોનના વ્યાજને ચુકવવા માટે વધુ રખાયા છે.

કેન્દ્ર અને મહારાષ્ટ્ર સત્તારુઢ એનડીએના ઘટક શિવસેનાએ બે દિવસ અગાઉ કહ્યુ હતું કે ઇંધણના વધુ ભાવ દેશમાં ખેડુતોની આત્મ હત્યાનું મુખ્ય કારણ છે.શિવસેનાના મુખપત્ર સામનામા છપાયેલા સંપાદકીયમાં કહેવામાં આવ્યું છે જે લોકો સરકારમાં છે તેઓ મોંઘવારી અંગે વાત કરતા નથી અને ન તો અન્યોને વાત કરવા દે છે.ઇંધણના ભાવ આસમાને પહોચ્યાની પીડા સામાન્ય લોકો ભોગવી રહ્યા છે.

સરકારમાં બેઠેલા લોકો જો છેલ્લા ચાર મહિના દરમિયાન તેના ભાવમાં ૨૦ વખત વધારો કરવાને સમર્થન આપે છે તો તે યોગ્ય નથી.શિવસેનાએ કહ્યુ હતું કે આવી જ સ્થિતિ રહેશે તો અમીરો બુલેટ ટ્રેનમાં ફરતા થઈ જશે પણ ગરીબોને આખરે બળદ ગાડામાં ફરવાનો વારો આવશે.

## મસ્જીદોના અવાજનું સ્તર ચેક કરવા દિલ્હી સરકારને એનજીટીનો આદેશ

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે દિલ્હી સરકારને આદેશ કર્યો છે કે પુર્વ દિલ્હીમાં આવેલી મસ્જીદોમાંથી થતા અવાજનું સ્તર ચેક કરે.આ મસ્જીદોમાં અઝાન દરમિયાન લાઉડસ્પીકરમાંથી અવાજનું સ્તર માન્ય મર્યાદાથી વધે છે કે નહીં તે જોવા ટ્રિબ્યુનલે સરકારને કહ્યું છે.એનજીટીના ચેરપર્સન જસ્ટીસ સ્વતંત્રકુમારના વડપણ હેઠળની બેન્ચે અરવિંદ કેજરીવાલ સરકાર અને દિલ્હી પ્રદુષણ નિયંત્રણ સમિતિને આદેશ આપ્યો છે કે જો મસ્જીદો દ્વારા નિયમનો ભંગ થતો હોય તો યોગ્ય પગલાં લો.વિવિધ મસ્જીદો વતી હાજર રહેલા વકીલે કહ્યુ હતું કે માન્ય અવાજા ધારાધોરણોની મર્યાદામાં જ તેઓ લાઉડસ્પીકરનો ઉપયોગ કરે છે.

## અસહિષ્ણુતા અને બેકારી ભારતની સમસ્યાઓ : રાહુલ ગાંધી

તાજેતરમાં અમેરિકાના પ્રવાસે ગયેલાં કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ત્યાંના ભાષણોમાં કહ્યુ હતું કે ભારતમાં અસહિષ્ણુતા અને બેકારી બે મુખ્ય સમસ્યાઓ છે. આવા જટિલ પ્રશ્નોને કારણે દેશની રાષ્ટ્રીય સુરક્ષા અને વિકાસ સામે ગંભીર પ્રશ્નો સર્જાયા છે.

રાહુલ ગાંધીએ તેમના યુએસ પ્રવાસમાં ડેમોક્રેટીક પાર્ટી તરફ ઝોક રાખનારા થિંક ટેન્ક સેન્ટર ફોર અમેરિકન પ્રોગ્રેસ દ્વારા આયોજિત ભારતીય અને દક્ષિણ એશિયાઈ નિષ્ણાંતોની બેઠકમાં ભાગ લીધો હતો.જેમાં થિન્ક ટેન્ક સેન્ટરના પ્રમુખ નીરા ટંડન, ભારતમાં અમેરિકાના પુર્વ રાજદુત રિચર્ડ વર્મા,હિલેરી ક્લિન્ટનના મુખ્ય પ્રચાર સલાહકાર જોન પોડેસ્ટા જેવા મહાનુભાવો હાજર રહ્યા હતા.બેઠકમાં ટ્રમ્પે તાજેતરમાં જાહેર કરેલી અફધાન નીતિ અંગે રાહુલે તેમના અભિપ્રાય દર્શાવ્યા હતા.

અમેરિકન-ભારત વેપાર પરિષદ દ્વારા આયોજિત કાર્યક્રમમાં રાહુલે યુએસ ચેમ્બર્સ ઓફ કોમર્સના અધ્યક્ષ અને સીઈઓ થોમસ ડોનલુ તેમજ અન્યો સાથે ચર્ચા કરી હતી. રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે ભારતમાં નવી રોજગારીના સર્જનમાં હાલની સરકાર નિષ્ફળ ગઈ છે.આ સ્થિતિ દેશને મોટા ખતરા તરફ લઈ જઈ રહી છે.

રાહુલે વોશિગ્ટન પોસ્ટની એડીટોરીયલ ટીમ સાથે ઓફ ધ રેકાર્ડ વાત કરી જેમાં આખા વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં વધતી જતી અસહિષ્ણુતા સામે રાહુલે ચિંતા વ્યક્ત કરી હતી. જો આવી સ્થિતિ ચાલુ રહેશે તો દેશનો વિકાસ રુંધાશે.

જો કે રાહુલ ગાંધીના યુએસ પ્રવાસમાં યોજાયેલ મીટીંગોમાં તેમના જવાબોથી મહાનુભાવો ખુશી વ્યક્ત કરી હતી.તેમજ એક તેમની રાજકીય પીઢતા અનુભવી હતી.

અમેરિકાની પ્રિન્સટન યુની.ના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે નરેન્દ્ર મોદીનો ઉદય અને મિસ્ટર ટ્રમ્પ ચુંટાઈ આવ્યા તેનું મુખ્ય કારણ ભારત અને અમેરિકામાં નોકરી સાથે સંકળાયેલા સવાલો છે.કોગ્રેસના ઉપાધ્યક્ષના કહેવા પ્રમાણે ભારતમાં એક મોટી બરોજગાર જનસંખ્યા ા પીડા સમજી રહી છે.પમ એવાજ લોકોના સમુહોએ આ પ્રકારના નેતાઓને સમર્થન આપ્યું છે.રાહુલે કહ્યુ હતું કે પડકાર એ છે કે લોકતાંત્રિક માહોલમાં નોકરીના સંકટને કેવી રીતે દુર કરી શકાય. સ્પષ્ટ રીતે કહું તો કોગ્રેસ એક કરવામાં નિષ્ફળ રહી છે.તેમણે સ્વીકાર્યું ગે યુપીએ સરકારે એક દિવસમાં ૩૦ હજાર નોકરીઓ આપવાનું જે વચન આપ્યું હતું તે પાળવામાં તે નિષ્ફળ રહી હતી.

હાલમાં ભાજપના નેતૃત્વમાં રહેલી એનડીએ સરકાર પણ વર્તમાન દરથી આ લક્ષ્ય સુધી પહોચવામાં નિષ્ફળ રહેશે.વિજયી હોવા છતાં ભાજપ એ સમજી શકી નથી ક નોકરીઓ પેદા કરવા સાથે સંકળાયેલા વચનો પુરા કરવા કેટલા જરુરી છે.મોદી મુદ્દાઓને અન્યત્ર ભટકાવી દેવામાં માહિર છે.

## પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં સમાવવા માટે કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની માંગ

અત્યાર સુધી પેટ્રોલ- ડીઝલ અને અન્ય પેટ્રોલીયમ ઉત્પાદનોને જીએસટીના દાયરામાં લાવવાનો વિરોધ કરતાં કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને અચાનક ગુલાંટ મારીને જણાવ્યુ હતું કે પેટ્રોલીયમ ઉત્પાદનોને પણ જીએસટીના દાયરામાં લાવવી જોઈએ.પેટ્રોલ-ડિઝલની કિંમત ત્રણ વર્ષની ઊંચી સપાટી પર પહોચ્યા બાદ દેશમાં જન્મેલા રોષને પગલે હવે પ્રધાન ગ્રાહકોના હિતની ચિંતા કરવા લાગ્યા છે.તેમણે પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવાની નાણાંમંત્રાલયને અપીલ કરતાં જણાવ્યું હતું કે દેશમાં પેટ્રોલીયમ ઉત્પાદનો પર એકસમાન કરવ્યવસ્થા હોવી જોઈએ. પેટ્રોલીયમ ઉત્પાદનોને જીએસટીના દાયરામાં લાવવાનો પેટ્રોલીયમ મંત્રાલયનો પ્રસ્તાવ છે.ગ્રાહકોના હિતોને ધ્યાનમાં રાખીક કરને તર્ક સંગત બનાવવાની જરુર છે.પ્રધાને જણાવ્યુ હતું કે પેટ્રોલીયમ ઉત્પાદનો પર એકસાઈઝ અને વેટ એમ બે પ્રકારના કર લાગે છે. તેથી ઉદ્યોગના દષ્ટિકોણથી સમાન કર વ્યવસ્થા હોવી જોઈએ.

પેટ્રોલ અને ડિઝલની વધતી કિંમતોને પગલે સરકાર એલર્ટ બની છે.પ્રધાને તાજેતરમાં અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી. બેઠક બાદ પ્રધાને જણાવ્યુ હતું કે સરકાર પેટ્રોલ અને ડીઝલને જીએસટીમાં સમાવવા પર વિચારણા કરશે.

ધર્મેન્દ પ્રધાને જણાવ્યુ હતું કે કેન્દ્રીય કરનો ૪૨ ટકા હિસ્સો રાજ્યમાંથી આવે છે.રાજ્યોની પોતાની કર વ્યવસ્થા છે.રાજયોમાંથી મળતા ટેકસના મોટા હિસ્સાનો ઉપયોગ સરકાર દ્વારા ચલાવાતી કલ્યાણકારી યોજનામાં કરાય છે.દેશોમાં સારી સડકોના નિર્માણ,પીવાના સ્વચ્છ પાણી,માળખાકીય વિકાસ માટે નાણાંની જરુર હોય છે.પરંતુ આ મંત્રીશ્રી એ ભુલી જાય છે કે આઝાદી બાદના સમયમાં પણ રોડ રસ્તાઓ અને કલ્યાણકારી યોજનાઓમાં સરકારે નાણાં આપ્યા છે અને કામો થયા છે પરંતુ આ રીતે ખોટા ટેક્સ વસુલ કરીને નહીં તેની નોધ લેવી જોઈએ.

## ભાજપ સરકારને પૈસાની ખુબજ જરુર છે તેથી પેટ્રોલ-ડિઝલ પરના ટેક્સ ઘટાડી શકાશે નહીં : નાણાં મંત્રી અરુણ જેટલી

નાણાંમંત્રી અરુણ જેટલીએ પેટ્રોલ અને ડિઝલ પર એકસાઈઝ ડ્યુટી ઘટાડવાનો ઈન્કાર કરી દીધો છે. તેમના આ ઈન્કારથી પેટ્રોલ ડીઝલના ભા વધારામાં હાલમાં કોઈ ઘટાડો શક્ય નહીં બને.ઉલટાનું જેટલીએ કહ્યુ હતું કે જાહેર ખર્ચ માટે સરકારને પૈસાની જરુર છે.અને જો આ ખર્ચ નહી કરીએ તો આર્થિક વૃધ્ધિ દર પર અસર થશે.આમ. જેટલીએ પેટ્રોલ ડિઝલના ભાવ વધે તો પણ સરકાર ટેક્સ નહીં ઘટાડે તેવું સ્પષ્ટ કરી દીધું છે.તેમણે માત્ર કહેવા પુરતું જ આશ્વાસન આપ્યું હતું કે પેટ્રોલ ડિઝલના ભાવ ટુંક સમયમાં ઘટશે.

સરકારે નવેમ્બર-૨૦૧૪થી જાન્યુઆરી ૨૦૧૬ વચ્ચેના ગાળામાં પેટ્રોલપર લીટર દીઠ ૧૧.૧૭ રુપીયા અને ડીઝલ પર રુ.૧૩.૪૭ રુપીયાની એકસાઈઝ ડ્યુટી વધારી દીધી હતી તેનો ઉલ્લેખ કર્યા વગર જેટલીએ માત્ર રાજ્યો દ્વારા ઈંઘણ પર વધુ સેલ્સ ટેક્સ અને વેટ લાગુ કરાય છે તેની જ વાત કરી હતી.ભાજપ શાસિત મહારાષ્ટ્રમાં પેટ્રોલ પર ૪૬.૫૨ ટકા વેટ લેવાય છે.જે દેશભરમાં સૌથી વધારે છે. મુંબઈમાં તો આ ટેક્સ ૪૭.૬૪ ટાક છે આંધ્ર્ પ્રદેશમાં પેટ્રોલ પર ૩૮.૮૨ ટકા વેટ છે.જ્યારે ભાજપ શાસિત મધ્યપ્રદેશમાં ૩૮.૭૯ ટકા વેટ લાગુ છે. ભાજપની આગેવાનીમાં ૧૮ રાજ્યોમાં એનડીએનું શાસન છે.તેમણે ઉમેર્યું કે બે વર્ષ પહેલા દર ૧૫ દિવસે પેટ્રોલ ડીઝલના ભાવની સમીક્ષા કરવામા આવતી હતી. અને ભાવ ઘટતા વધતા હતા.હવે સરકાર કહે છે કે સરકાર ચલાવવા પૈસાની જરુર પડે છે.

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ એ. એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



વિનંતી
તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.